ખાનગી

રાજ્યના જાહેર સાહસો દ્વારા કરવામાં આવતી
ખરીદીઓ બાબતે

ગુજરાત સરકાર, નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃજનવ/૧૦૯૬/૨૩૯૩/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૮/૧૦/૧૯૯૬

પરિપત્રઃ

સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળના બોર્ડ/નિગમો/કંપનીઓ વગેરે જાહેર સાહસો દ્વારા વિવિધ પ્રકારની ચીજ-વસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. આવી ખરીદી પૂર્વે જરૂરી પુરતી કાળજી લેવામાં આવતી નથી. તેમજ નાણાંકીય મર્યાદાનું પણ પાલન ન કરાતુ હોવાનું પણ ધ્યાને આવેલ છે. આથી જાહેર સાહસો દ્વારા કરવામાં આવતી આવી ખરીદીઓ ઉપર કેટલાંક નિયંત્રણો રાખવાનું સરકારશ્રીને જરૂરી જણાયેલ છે.

ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં દરેક જાહેર સાહસોના મેનેજીંગ ડીરેક્ટરશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે તેઓશ્રીના જાહેર સાહસ દ્વારા કરવામાં આવતી બિનજરૂરી ખરીદી ટાળવી. પરંતુ જ્યાંઆની ખરીદી અનિવાર્ય હોય અને જોતે ખરીદી રૂપિયા દસ લાખથી વધુ કિંમતની હોય તો તે ખરીદી કરતા પહેલાં રાજ્ય સરકારની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે.

સરકારની ઉપરોક્ત સુચનાનું પોતાના નિયંત્રણ હેઠળના જાહેર સાહસો દ્વારા ચુસ્ત પાલન થાય તે જોવા સચિવાલયના સર્વે વહીવહી વિભાગોને પણ આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એન.વી.કૈલા)
ઉપસચિવ
નાણાં વિભાગ

પ્રતિ,

- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સર્વે વહીવટી વિભાગો
- સર્વે જાહેર સાહસોના મેનેજીંગ ડીરેક્ટરશ્રીઓ
- નાણાં વિભાગના સર્વે અધિકારીશ્રીઓ (નાણાં સલાહકારશ્રીઓ સહિત)
- સિલેક્ટ ફાઈલ 'ચ' શાખા, નાણાં વિભાગ.